નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની નાયબ નિયામકશ્રી(અ.જા.ક.)ની કચેરી જિ.બનાસકાંઠા અને સમાજ કલ્યાણ અધિકારી જિ.આણંદ માટે નવા વાહન ખરીદવાની વર્ષ:૨૦૨૧-૨૨ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત. રૂ.૧૪.૦૦ લાખ.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંક:-મકમ/૧૦૨૦૧૯/ન.બા-૧/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:- ૨૭/૦૭/૨૦૨૧

વંચાણમાં લીધા:-

૧. આ વિભાગનો તા.૨૯/૦૬/૨૦૨૧નો સમાન ક્રમાંકનો ઠરાવ.

૨. નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૦૮/૦૪/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અજાક/રેકર્ડ/૨૦૨૧/૪૪૨/ખ

૩. નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૨૦/૦૭/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અજાક/રેકર્ડ/૫૭૨/૨૦૨૧/ખ

આમુખ:-

વંચાણે લીધેલ ક્ર:૦૧ પરના તા.૨૯/૦૬/૨૦૨૧ના ઠરાવથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર હસ્તકની નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, જિ.બનાસકાંઠા અને નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, જિ.આણંદ એમ બે જિલ્લા કચેરીઓ માટે નાણાંકીય વર્ષ:૨૦૨૧-૨૨માં નવા વાહન ખરીદવા માટે વાહનદિઠ રૂ.૭.૦૦ લાખ પ્રમાણે રૂ.૧૪.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્ર:૦૨ પરના તા.૦૮/૦૪/૨૦૨૧ના પત્રથી નિયામકશ્રી(અજાક) દ્વારા નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, જિ.બનાસકાંઠા અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, જિ.પં. આણંદની કચેરીઓ માટે નવી ગાડી ખરીદવાની વહીવટી મંજૂરી આપવા માટે દરખાસ્ત કરવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્ર:૦૩ પરના તા.૨૦/૦૭/૨૦૨૧ના પત્રથી નિયામકશ્રી(અજાક) દ્વારા વિભાગના તા.૨૯/૦૬/૨૦૨૧ના ઠરાવથી આપવામાં આવેલ વહીવટી મંજૂરીના ઠરાવમાં

નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, જિ.આણંદના બદલે સમાજ કલ્યાણ અધિકારી, જિ.પં. આણંદ મુજબનો સુધારો થઈ આવવા દરખાસ્ત કરેલ છે.

સુધારા ઠરાવ:-

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની દરખાસ્ત અન્વયે આ વિભાગના સમાન ક્રમાંકના તા.૨૯/૦૬/૨૦૨૧ના ઠરાવમાં દર્શાવવામાં આવેલ "નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, જિ.આણંદ" શબ્દોના સ્થાને "સમાજ કલ્યાણ અધિકારી, જિ.પં.આણંદ" વંચાણે લેવા આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

1. માન. મંત્રીશ્રીનું કાર્યાલય, સામાજિક ન્યાય અને અધિકારીતા, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. અધિક મુખ્ય સચિવશ્રીનુ કાર્યાલય, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
3. અધિક મુખ્ય સચિવશ્રીનુ કાર્યાલય, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
7. પગાર અને અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
8. સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
10. પસંદગી ફાઇલ-૨૦૨૧.